BOCHASANWASI SHRI AKSHARPURUSHOTTAM
SWAMINARAYAN SANSTHA
PUBLIC TRUST REG. NO. A/2500/AMDDAVAD.
H.O.: SHRI AKSHARPURUSHOTTAM SWAMINARAYAN CENTER, SHAHIBAUG, AMDAVAD-380 004.

TEL.: (91-79) 2562 5476
FAX : (91-79) 2562 5012
WEBSITE : www.swaminarayan.org
Email : info@swaminarayan.org

તંત્રીશ્રી, તા. ૧૪-૧૨-૨૦૦૭

# પ્રેસ રીલીઝ

- **અમદાવાદ ખાતે બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવમાં મહિલાદિનની થયેલ ઉજવણી.**
- **સામાજિક - આધ્યાત્મિક અને વ્યક્તિગત વિકાસમાં સ્ત્રીઓનાં સશક્તિકરણની મહિલાદિન કાર્યક્રમ અન્વયે સુંદર રજૂઆત થઈ.**
- **બી.એ.પી.એસ. સંસ્થાના દેશ-વિદેશ ના આશરે ૬૦,૦૦૦ ભક્તો-ભાવિકોની મહિલાદિન પ્રસંગે ઉપસ્થિતિ.**
- **તા. ૧૫-૧૨-૨૦૦૭ના રોજ બાલદિનની ઉજવણી થશે.**

અમદાવાદ : તા. ૧૪-૧૨-૨૦૦૭

આજે સમાજમાં નારીનું સ્થાન ઘરની ચાર દિવાલોમાં આંકવામાં આવે છે. ત્યારે બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ સમગ્ર વિશ્વભરમાં નારી જાગૃતિનું મહા અભિયાન ઉપાડી બહેનોનો સર્વાંગી વિકાસ સાધ્યો છે. તેની તાદશ્ય રજૂઆત અમદાવાદના બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવના મહિલા દિન ઉપક્રમે થઈ હતી.

કાર્યક્રમમાં સામેલ થવા દેશ-વિદેશથી હજારો બહેનો ઉમટી પડ્યા હતા. શતાબ્દી મહોત્સવમાં મહિલાદિનની સમગ્ર રજુઆત અને સંચાલન મહિલાઓએ જાતે જ કરી ઉપસ્થિત સૌ કોઈને મહિલા સશક્તિકરણનાં દર્શન કરાવ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત શાંતિપાઠ અને મંત્રગાનથી થઈ હતી. બાલિકા-યુવતી અને મહિલા મંડળે સુંદર વેશભૂષામાં સજ્જ થઈ એક પરેડનું ભક્તિયાત્રારૂપે નિદર્શન કર્યું હતું. સંસ્કાર, ઘડતર અને નારી જાગૃતિ, સત્સંગ અને સમાજ ઉત્થાનમાં બહેનોના પ્રદાનને આ પરેડ દ્વારા વાચા આપવામાં આવી હતી.

બહેનોના ઉત્કર્ષના પાયાના પથ્થર સમી નાની નાની બાલિકાઓએ બી.એ.પી.એસ. સંસ્થામાં વિશ્વભરમાં થતી બાલસભાના માધ્યમ દ્વારા ભગવાન સ્વામિનારાયણ દ્વારા થયેલ સ્ત્રી ઉદ્ધારની ગાથાને સુપેરે રજૂ કરી હતી.

યુવતી મંડળનાં બહેનોએ સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે આ પ્રસંગે ૩૦૭ મહિલાઓએ ટીટોડી નૃત્યને સુંદર વેશભુષા- શણગાર સાથે રજૂ કરીને ઉપદેશાત્મક રજૂઆત કરી સૌ કોઈની પ્રશંસા પ્રાપ્ત કરી હતી.

સમાજને વ્યસનમુક્ત રાખવાનું મહાકાર્ય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ નિરંતરપણે વ્યસનમુક્તિ અભિયાન દ્વારા કરી રહ્યા છે, ત્યારે સંસ્થાના બાલિકા અને યુવતિ મંડળનાં સભ્યો પણ આ કાર્યમાં જોડાઈ હજારો લોકોને વ્યસનમુક્ત કરી ધર્મમય જીવન જીવવાનાં કાર્યમાં લાગેલ છે. બાલિકા વ્યસનમુક્તિ અભિયાન વિષય અંતર્ગત હેમાદિકા પરમારે પ્રવચનમાં આ અભિયાનની સુંદર છણાવટ કરી હતી.

ધર્મના સંસ્કાર અને ચારિત્ર્યયુક્ત જીવન એ B.A.P.S. ના લાખો કુટુંબોમાં પાયાનું કાર્ય છે, તેને પોતાના જીવનમાં અને વ્યવહારમાં આત્મસાત કરનાર હજારો બાલ-બાલિકા અને બહેનો સમાજને પ્રેરણા પૂરી પાડી રહ્યાં છે. તેમાંના કેટલાક બાલિકા-યુવતી અને મહિલાઓના પ્રેરક પ્રસંગોની મંચ પરથી નાટ્યાત્મક રજૂઆત કરવામાં

આવેલી. વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદાન ધરાવતી આ બહેનોનો આ તકે પરિચય આપી સન્માન કરવામાં આવ્યું હતું.

સંસ્થાની મહિલા પાંખ દ્વારા પ્રતિ વર્ષ યોજાતા પ્રતિભાવિકાસપર્વ ના પરિપાકરૂપે બાલિકા - કિશોરીઓએ પોતાનો સર્વાંગી વિકાસ સાધ્યો છે, તેનો ચિતાર આપતો વિડીઓ શો, બહેનો દ્વારા થતી સામાજિક સેવાઓનું લાઈવ પ્રેઝન્ટેશન, આદિવાસી સમાજ જીવન અને તેના વિકાસમાંB.A.P.S. નો ફાળો વીડિયો શો દ્વારા દર્શાવવામાં આવેલ. આદિવાસી ઘરોમાં થતી મહિલા સત્સંગ સભાને નાટ્ય શો દ્વારા દર્શાવવામાં આવેલ. સાથોસાથ આદિવાસી પ્રવૃત્તિઓનો પણ પ્રવચન દ્વારા ચિતાર અપાયો.

ભગવાનની ભક્તિમાં નવધા ભક્તિને વિશિષ્ટ ગણવામાં આવી છે. યુવતી મંડળની ૮૫ યુવતીઓએ એક સાથે નવધા ભક્તિ નૃત્ય રજૂ કરી સૌને પ્રેરણા આપી હતી. ઘરસભા ના માધ્યમથી હરિભક્તો દરરોજ સાથે મળીને સત્સંગનું જ્ઞાન મેળવે છે. તેમજ ઘરના પ્રશ્નોને હલ કરે છે અને આસપાસમાં હળીમળીને રહે છે. તેને ઘરસભા નાટક દ્વારા રજૂ કરવામાં આવ્યું.

B.A.P.S. માં અસંખ્ય માતાઓએ પોતાના પુત્રોને સાધુ થવા સંસ્થાને અર્પણ કરી સમાજની સેવામાં મોટું યોગદાન આપેલ છે. આ સંતમાતાઓની સેવાને બિરદાવવામાં આવી હતી. બહેનો ધર્મ માર્ગમાં વધુને વધુ દૃઢ થઈ શકે તે માટે - 'મહાબળવંત માયા તમારી' પ્રાર્થનાને સમુહમાં રજૂ કરાઈ.

૪૫૦ યુવતીઓએ કંકાવટી નૃત્યની ભવ્ય રજૂઆત કરી ભારતીય કલાકૌશલ્યનું સુંદર દર્શન કરાવ્યું હતું.

આજના આ સમગ્ર કાર્યક્રમ ની રજૂઆત, સંચાલન અને વ્યવસ્થાનો દોર કેવળ મહિલાઓએ જ સંભાળ્યો હતો. કાર્યક્રમ નિહાળીને મહિલાઓની વિવિધ ક્ષેત્રોમાં નિખરેલી પ્રતિભા, કલા, તેમજ આયોજનશક્તિ વગેરેથી દર્શકો અત્યંત પ્રભાવિત થયા હતા.

B.A.P.S. શતાબ્દી મહોત્સવ ઉપક્રમે કાર્યક્રમના ત્રીજા દિવસે તા. ૧૫-૧૨-૦૭નાં રોજ બાલદિનની ઊજવણી થનાર છે.

## <u>સમાજના સર્વાંગી વિકાસમાં B.A.P.S. ની મહિલા પ્રવૃત્તિની અનેરી ભૂમિકા</u>

ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત સ્ત્રી-પુરુષ મર્યાદાને પાયામાં સાંચી, તેમના સમયથી આરંભાયેલ મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિ આજે B.A.P.S. સંસ્થા દ્વારા વિશ્વસ્તરે પહોંચી છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી દેશ-વિદેશમાં ૬૦૦૦ થી વધુ મહિલા પાંખના મંડળો તથા ૧૦,૦૦૦ થી વધુ મહિલાપાંખના કાર્યકરો આધ્યાત્મિક તથા સામજિક સેવાઓમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. B.A.P.S. સંસ્થાની મહિલા પાંખ મુખ્ય ત્રણ વિભાગમાં કાર્યરત છે : મહિલાવિભાગ, યુવતીવિભાગ અને બાલિકાવિભાગ. જે અનેકવિધ પ્રવૃત્તિઓ, તાલીમવર્ગો અને નેતૃત્વશિબિરો દ્વારા નૈતિક, સામાજિક, શૈક્ષણિક અને આધ્યાતિમક સ્તરે જાગૃતિ ફૂંકવાનું કાર્ય કરી રહી છે

અઠવાડિક સત્સંગ સભાઓ, વ્રતો-ઉત્સવોની ઊજવણી, નવરાત્રી નિમિત્તે ભક્તિપર્વ, શ્રાદ્ધપર્વ, પ્રભાતફેરી, પદયાત્રા, ગોષ્ઠિ, સત્સંગ શિક્ષણ પરીક્ષા જેવી ધાર્મિક-આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાક્ષરતા અભિયાન, બ્લડ ડોનેશન કેમ્પ, દહેજમુક્ત લગ્નો, રાહતકાર્યો, સાંસ્કૃતિક પ્રદર્શનો જેવી વિશિષ્ટ પ્રવૃત્તિઓ સંસ્થાની મહિલાવિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. ઉપરાંત યુવતી વિભાગમાં પણ B.A.P.S. WILL (Women's Ideals for Learning & Living) ના કાર્યક્રમ હેઠળ અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ ગતિશીલ છે. મહિલાપાંખની અંતર્ગત જ ૧૯૭૨ માં શરૂ થયેલ બાલિકાપ્રવૃત્તિ આજે દેશ-વિદેશમાં ફૂલી ફાલી છે. લગભગ ૨૩૦૦ થી વધુ બાલિકા મંડળોમાં આશરે ૪૦,૦૦૦ થી પણ વધુ બાલિકાઓ જીવનઘડતરના પાઠ શીખી રહી છે. આદર્શ કુટુંબ અભિયાન, વ્યસનમુક્તિ અભિયાન, વૃક્ષારોપણ અભિયાન તેમજ સમૂહપૂજા, સત્સંગ મુખપાઠ અને પ્રવચનો દ્વારા બાલિકાઓના સર્વાંગી વિકાસ પર લક્ષ્ય કેન્દ્રિત કરાય છે.